### સેમ્પલિંગની માંગ છતાં તપાસ ન થતાં વિવાદ

# સાવલીની કંપનીમાંથી નીકળેલા ટેન્કરને જાગૃત નાગરિકે હરણી વિસ્તારમાં અટકાવ્યું

**ગેરરીતિઓ** અંગે અગાઉ પણ ફરિયાદો થયાનો દાવો, જવાબદાર તંત્રની કામગીરી અંગે પ્રશ્નચિહ્ન



(પ્રતિનિધિ) વડોદરા, તા. 11

વડોદરાના સાવલી-ટુંડાવ વિસ્તારમાં આવેલી ઈન્ડો એમાઈન્સ કંપની સાથે જોડાયેલ એક ગંભીર મામલો ચર્ચામાં આવ્યો છે. એક જાગૃત નાગરિકના દાવા મુજબ, કંપનીમાંથી અત્યંત જોખમી અને જ્વલનશીલ કેમિકલ ભરેલું ટેન્કર જરૂરી મંજૂરી વિના બહાર નીકળ્યું હતું. શંકાના આધારે નાગરિકે ટેન્કરનો પીછો કરી હરણી પોલીસ મથકની હદમાં તેને અટકાવી પોલીસને જાણ કરી હતી.

મળતી માહિતી અનુસાર, ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી અને મામલો હરણી પોલીસ મથક સુધી પહોંચ્યો હતો. નાગરિકે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ને બોલાવી ટેન્કરમાં રહેલા કેમિકલના નમૂનાઓ લઈને તેની તપાસ કરવાની માંગ કરી હતી. જોકે, નાગરિકનો આક્ષેપ છે કે સંબંધિત વિભાગોએ સેમ્પલિંગ અથવા કેમિકલની ચકાસણી કર્યા વિના મામલો સમાપ્ત કરી દીધો હતો.

નાગરિકના જણાવ્યા મુજબ, તેમણે અગાઉ પણ કંપની સામે કથિત ગેરરીતિઓ અંગે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને લેખિત ફરિયાદો કરી હતી. તેમ છતાં કોઈ અસરકારક કાર્યવાહી ન થતાં તેમણે જાતે જોખમ ઉઠાવી ટેન્કરને અટકાવ્યું હોવાનું જણાવ્યું હતું.આ સમગ્ર ઘટનામાં પોલીસ અને પ્રદૂષણ નિયંત્રણ વિભાગની કામગીરી અંગે પ્રશ્નો ઉઠી રહ્યા છે. ટેન્કરમાં કયા પ્રકારનું કેમિકલ હતું, તેના પરિવહન માટે જરૂરી મંજૂરી હતી કે નહીં અને નિયમોનું પાલન થયું હતું કે નહીં, તે અંગે સત્તાવાર સ્પષ્ટતા હજુ સુધી સામે આવી નથી.

જાગૃત નાગરિકે દાવો કર્યો છે કે જો આવા જોખમી રસાયણોનું પરિવહન નિયમો વિના કરવામાં આવે અને કોઈ અકસ્માત સર્જાય તો મોટી જાનહાનિ થઈ શકે છે. હાલ સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે અને ઉચ્ચ સ્તરીય તપાસની માંગ ઉઠી રહી છે. અધિકૃત તપાસ બાદ જ આક્ષેપોની હકીકત અને જવાબદારી અંગે સ્પષ્ટતા થઈ શકશે.

# બિલ ગામના રહેણાંક વિસ્તારમાં આઠ ફૂટનો મગર ઘૂસતા દોડધામ : રેસ્ક્યુ કરાયો



( પ્રતિનિધિ ) વડોદરા,તા.11

વડોદરા જિલ્લાના બિલ ગામમાં આવેલા તળાવ નજીકના રહેણાંક વિસ્તારમાં આશરે 8 ફૂટ લાંબો મગર ઘૂસી આવતા સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. મગરની હાજરીની જાણ થતાં ગામલોકોએ તાત્કાલિક પાદરા પ્રાણી જીવરક્ષક સંસ્થાને જાણ કરી હતી.

માહિતી મળતા જ પ્રાણી જીવરક્ષક સંસ્થા અને વન વિભાગે સંયુક્ત રીતે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. રેસ્ક્યુ ટીમે સાવચેતીપૂર્વક કામગીરી કરતાં રહેણાંક વિસ્તારમાંથી મગરને ઘેરી લીધો હતો અને ભારે જહેમત બાદ આશરે 8 ફૂટ લાંબા મગરને સલામત રીતે પકડી પાડવામાં સફળતા મેળવી હતી. સમગ્ર કામગીરી દરમિયાન સ્થાનિકોની ભીડને દૂર રાખવામાં આવી હતી જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને. સદનસીબે રેસ્ક્યુ દરમિયાન કોઈ જાનહાનિ કે ઈજાની ઘટના બની નહોતી. પકડાયેલા મગરને આગળની કાર્યવાહી માટે વન વિભાગને સોંપવામાં આવ્યો હતો.

# મહીસાગર રેલવે ગરનાળા નજીક સોમવતી અમાસે સત્યનારાયણ કથા

(પ્રતિનિધિ) વડોદરા. તા.11

ફતેગંજ બુદ્ધેશ્વર મહાદેવ મંદિરના બ્રહ્મલીન મહારાજ પારસગીરી લાલપ્રસાદના સેવકો દ્વારા આગામી સોમવતી અમાસના પવિત્ર દિવસે એક ભવ્ય ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૧૫/૬/૨૦૨૬ ને સોમવારના રોજ સોમવતી અમાસ નિમિત્તે મહીસાગર, ફાજલપુર રેલ્વે ગરનાળા પાસે વહેલી સવારે ૫:૦૦ વાગ્યાથી ધાર્મિક વિધિઓનો પ્રારંભ થશે. આ પાવન પ્રસંગે પ્રભુ ભક્તિના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરાયું છે.


20.05.2026ના રોજની સ્થિતિ મુજબ

**યુનિયન પબ્લિક સર્વિસ કમિશન**

**પરીક્ષાઓ/ભરતી કસોટીઓ (RTs) -2027નો કાર્યક્રમ**

| ક્રમ નં. | પરીક્ષાનું નામ | જાહેરનામાની તારીખ | અરજીઓ મેળવવાની છેલ્લી તારીખ | પરીક્ષા શરૂ થવાની તારીખ | પરીક્ષાનો સમયગાળો |
|---|---|---|---|---|---|
| 1. | UPSC RT/પરીક્ષા માટે અનામત | | | 09.01.2027 (શનિવાર) | 2 દિવસ |
| 2. | સંયુક્ત ભૂ-વૈજ્ઞાનિક (પ્રિલિમિનરી) પરીક્ષા, 2027 | 02.09.2026 | 22.09.2026 | 10.01.2027 (રવિવાર) | 1 દિવસ |
| 3. | ઇજનેરી સેવાઓ (પ્રિલિમિનરી) પરીક્ષા, 2027 | 16.09.2026 | 06.10.2026 | 31.01.2027 (રવિવાર) | 1 દિવસ |
| 4. | CBI (DSP) LDCE | 16.12.2026 | 05.01.2027 | 27.02.2027 (શનિવાર) | 2 દિવસ |
| 5. | UPSC RT/પરીક્ષા માટે અનામત | | | 13.03.2027 (શનિવાર) | 2 દિવસ |
| 6. | CISF AC(EXE) LDCE-2027 | 25.11.2026 | 15.12.2026 | 14.03.2027 (રવિવાર) | 1 દિવસ |
| 7. | N.D.A. અને N.A. પરીક્ષા (I), 2027 | 02.12.2026 | 22.12.2026 | 11.04.2027 (રવિવાર) | 1 દિવસ |
| 8. | C.D.S. પરીક્ષા (I), 2027 | | | | |
| 9. | સિવિલ સર્વિસીસ (પ્રિલિમિનરી) પરીક્ષા, 2027 | 13.01.2027 | 02.02.2027 | 23.05.2027 (રવિવાર) | 1 દિવસ |
| 10. | સિવિલ સર્વિસીસ (પી) પરીક્ષા 2027 દ્વારા ભારતીય વન સેવા (પ્રિલિમિનરી) પરીક્ષા, 2027 | | | | |
| 11. | UPSC પરીક્ષા માટે અનામત | | | 05.06.2027 (શનિવાર) | 2 દિવસ |
| 12. | ઇજનેરી સેવાઓ (મુખ્ય) પરીક્ષા, 2027 | | | 18.06.2027 (શુક્રવાર) | 1 દિવસ |
| 13. | I.E.S./I.S.S. પરીક્ષા, 2027 | 10.02.2027 | 02.03.2027 | 18.06.2027 (શુક્રવાર) | 3 દિવસ |
| 14. | સંયુક્ત ભૂ-વૈજ્ઞાનિક (મુખ્ય) પરીક્ષા, 2027 | | | 19.06.2027 (શનિવાર) | 2 દિવસ |
| 15. | સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સીસ (ACs) પરીક્ષા, 2027 | 17.02.2027 | 09.03.2027 | 04.07.2027 (રવિવાર) | 1 દિવસ |
| 16. | સંયુક્ત તબીબી સેવાઓ પરીક્ષા, 2027 | 03.03.2027 | 23.03.2027 | 18.07.2027 (રવિવાર) | 1 દિવસ |
| 17. | UPSC RT/પરીક્ષા માટે અનામત | | | 31.07.2027 (શનિવાર) | 2 દિવસ |
| 18. | UPSC RT/પરીક્ષા માટે અનામત | | | 07.08.2027 (શનિવાર) | 2 દિવસ |
| 19. | સિવિલ સર્વિસીસ (મુખ્ય) પરીક્ષા, 2027 | | | 20.08.2027 (શુક્રવાર) | 5 દિવસ |
| 20. | N.D.A. અને N.A. પરીક્ષા (II), 2027 | 12.05.2027 | 01.06.2027 | 19.09.2027 (રવિવાર) | 1 દિવસ |
| 21. | C.D.S. પરીક્ષા (II), 2027 | | | | |
| 22. | UPSC RT/પરીક્ષા માટે અનામત | | | 25.09.2027 (શનિવાર) | 2 દિવસ |
| 23. | UPSC RT/પરીક્ષા માટે અનામત | | | 16.10.2027 (શનિવાર) | 2 દિવસ |
| 24. | UPSC પરીક્ષા માટે અનામત | | | 23.10.2027 (શનિવાર) | 2 દિવસ |
| 25. | ભારતીય વન સેવા (મુખ્ય) પરીક્ષા, 2027 | | | 21.11.2027 (રવિવાર) | 7 દિવસ |
| 26. | UPSC RT/પરીક્ષા માટે અનામત | | | 04.12.2027 (શનિવાર) | 2 દિવસ |
| 27. | S.O./Steno (GD-B/GD-I) LDCE | 15.09.2027 | 05.10.2027 | 18.12.2027 (શનિવાર) | 2 દિવસ |

**નોંધઃ જો પરિસ્થિતિઓ તેમ કરવાની ફરજ પાડે તો, પરીક્ષાઓ/RTs ના જાહેરનામા, શરૂઆત અને સમયગાળાની તારીખોમાં ફેરફાર થઈ શકે છે.**

CBC-55101/14/0001/2627


# શિફા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ધો.૧૦-૧૨ના 500 વિદ્યાર્થીનો સન્માન કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરા શહેરના વાડી , સ્વામીનારાયણ મંદિર રોડ પર આવેલા બાવાહિર હોલ ખાતે શિફા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ધોરણ 10 અને 12ના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા. આ ટ્રસ્ટ છેલ્લા ઘણા વર્ષોથી શિક્ષણ અને કારકિર્દી માર્ગદર્શન સહિત વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં કાર્યરત છે. આ વર્ષે આશરે 500 જેટલા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ અને યુવાનો માટે વિશાળ 'વિદ્યાર્થી સન્માન અને ઈનામ વિતરણ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં UPSC, GPSC પાસ કરનાર, તલાટી ભરતી, પોલીસ ભરતી, CA ઈન્ટરમીડિયેટ અને ધોરણ 10-12માં ઉત્તમ પરિણામ મેળવનાર તેમજ વિવિધ ક્ષેત્રોમાં સફળ થયેલા યુવાનોને સન્માનિત કરવામાં આવ્યા. કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવાઓને પ્રોત્સાહન આપવો અને સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધારવાનો છે. આ પ્રસંગે માજી ધારાસભ્ય ગીયાસુદ્દીન સાહેબ, ક્રિકેટર ઈરફાન અને યુસુફ પઠાણના પિતા મહેમુદખાન પઠાણ, માજી કાઉન્સિલર ચિરાગ શેખ, એડવોકેટ શાહનવાજ ખાન પઠાણ, રાષ્ટ્રપતિ સન્માનિત લીયાકતખાન, હાજી ઝાકીર, એડવોકેટ જુનેદ સૈયદ, એડવોકેટ તાહેરાબેન દાયમા, નિવૃત પોલીસ અધિકારી કિશોર કેસરકર, એડવોકેટ અશફાક મલિક, ઐયુબભાઈ સકાવાલા, બિલાલ ભાઈ પરમાર અને એડવોકેટ દાનિશ લાફાવાલા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ દ્વારા શિફા ચેરીટેબલ ટ્રસ્ટે સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો તથા યુવાનોમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને ઉચ્ચ અભ્યાસ માટે પ્રેરણા આપવાનો પ્રયત્ન કર્યો છે. આ પ્રસંગે ઉપસ્થિત તમામ મહેમાનો દ્વારા ટ્રસ્ટના પ્રયાસોને પ્રશંસા કરવામાં આવી હતી અને ભવિષ્યમાં આવા વધુ કાર્યક્રમો યોજવાની આશા વ્યક્ત કરવામાં આવી હતી. તેમ જણાવાયું છે. આજે કાર્યક્રમ પૂર્ણ થયો છે.

# વચનામૃત ભાષ્ય રચનાના પ્રારંભ નિમિત્તે 262 બાળકોની શોભાયાત્રા



**બારસો** વર્ષ બાદ આધુનિક યુગમાં વચનામૃત પર ભાષ્ય રચનાનો ઐતિહાસિક પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 11

ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત પવિત્ર વચનામૃત ગ્રંથ પર ભાષ્ય રચનાના ઐતિહાસિક પ્રારંભ નિમિત્તે આજે વડોદરામાં ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞા અને પ્રેરણાથી મહા મહોપાધ્યાય તરીકે વિદ્વત્ જગતમાં સન્માનિત પૂજ્ય ભદ્રેશ સ્વામી દ્વારા વચનામૃત ગ્રંથ પર ભાષ્ય લખવાનો પ્રારંભ કરાઈ રહ્યો છે.

ધાર્મિક પરંપરામાં કોઈપણ ગ્રંથને સરળ અને સહજ ભાષામાં સમજાવી વાચકો સુધી પહોંચાડવાની પ્રક્રિયાને 'ભાષ્ય' તરીકે ઓળખવામાં આવે છે. વેદ, ઉપનિષદ સહિત અનેક પ્રાચીન ગ્રંથો પર ભાષ્ય રચાયા છે, ત્યારે ભગવાન સ્વામિનારાયણના વચનોનું સંકલન ધરાવતા વચનામૃત ગ્રંથ પર ભાષ્ય રચનાને ઐતિહાસિક ઘટના તરીકે જોવામાં આવી રહી છે.

વચનામૃતમાં સમાવિષ્ટ 262 વચનામૃતના પ્રતિકરૂપે સંસ્થાના 262 બાળકો મસ્તક પર વચનામૃત ગ્રંથ ધારણ કરી બીએપીએસ વિદ્યામંદિરથી અટલાદરા સ્થિત બીએપીએસ શ્રી સ્વામિનારાયણ મંદિર સુધી અંદાજે દોઢ કિલોમીટરની શોભાયાત્રામાં જોડાશે. આ યાત્રામાં પૂજ્ય સંતો પણ સહભાગી બનશે. શોભાયાત્રાનું પ્રસ્થાન આજે સાંજે 5:30 વાગ્યે બીએપીએસ વિદ્યામંદિરથી થશે અને સાંજે 6:30 વાગ્યે અટલાદરા મંદિર ખાતે પૂર્ણાહુતિ થશે. મંદિર પરિસરમાં શોભાયાત્રાનું સ્વાગત અને સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમને લઈ હરિભક્તો અને સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# SSGHના સ્તનપાન કેન્દ્ર પાસે દારૂની ખાલી બોટલ મળી, સિક્યુરિટીના ધજાગરા

**મધ્ય** ગુજરાતની સૌથી મોટી હોસ્પિટલ ફરી એકવાર વિવાદમાં

(પ્રતિનિધિ) વડોદરા. તા.11

મધ્ય ગુજરાતની સૌથી મોટી ગણાતી વડોદરાની સયાજી હોસ્પિટલ ફરી એકવાર વિવાદોના ઘેરામાં આવી છે. હોસ્પિટલના અત્યંત સંવેદનશીલ ગણાતા તાત્કાલિક વિભાગની પાછળ આવેલા સ્તનપાન કેન્દ્રની બિલકુલ બાજુમાંથી વિદેશી દારૂની ખાલી બોટલ મળી આવતા સમગ્ર કેમ્પસમાં ભારે ચકચાર મચી ગઈ છે. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં, સરકારી હોસ્પિટલના સંવેદનશીલ વિસ્તારમાંથી દારૂની બોટલ મળવી એ તંત્રની કામગીરી સામે મોટા સવાલો ઊભા કરે છે.

હોસ્પિટલ પ્રશાસન દ્વારા દર્દીઓ અને મહિલાઓની સુરક્ષા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરીને સિક્યુરિટી એજન્સીને કોન્ટ્રેક્ટ આપવામાં આવ્યો છે. હોસ્પિટલના તમામ વિભાગોમાં ૨૪ કલાક સિક્યુરિટી ગાર્ડ તૈનાત હોય છે, તેમ છતાં રાત્રિ દરમિયાન કોઈ અસામાજિક તત્ત્વ દારૂની બોટલ અંદર સુધી લઈ આવ્યું અને ત્યાં બેસીને તેનો વપરાશ કર્યો હોવાની આશંકા સેવાઈ રહી છે. આ ઘટના સિક્યુરિટી ગાર્ડની ગંભીર બેદરકારી અને સુપરવિઝનનો અભાવ સ્પષ્ટપણે છતો કરે છે.

હોસ્પિટલના કમ્પાઉન્ડમાં ખૂણે-ખૂણે અસંખ્ય સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા છે. વળી, રાત્રિ દરમિયાન પણ ગાર્ડ્સનું પેટ્રોલિંગ હોવાના દાવા કરવામાં આવે છે. સ્તનપાન કેન્દ્ર જેવા સંવેદનશીલ ઝોન સુધી દારૂની બોટલ પહોંચી કઈ રીતે ? શું રાત્રે સિક્યુરિટી ગાર્ડ્સ ઊંઘતા ઝડપાયા હતા કે પછી કોઈની મિલીભગત છે ? જ્યાં માતાઓ પોતાના નવજાત બાળકોને સ્તનપાન કરાવવા આવતી હોય, તેવા સંવેદનશીલ કેન્દ્રની બહાર દારૂની બોટલ મળવી એ અત્યંત શરમજનક બાબત છે. હોસ્પિટલ સત્તાધીશો દ્વારા તાકીદે સીસીટીવી ફૂટેજ ચકાસીને જવાબદારો સામે કડક પગલાં લેવામાં આવે તેવી લોકમાંગ ઊઠી છે.


**Federal Bank** અમદાવાદ ઝોનલ ઓફિસ, ૧૪૦૯, સ્માર્ટ વર્ક્સ, ૧૪મો માળ, વેસ્ટ વિંગ, વિનસ સ્ટ્રેટમ, ઝાંસી કી રાની પાસે, નેહરુનગર, અમદાવાદ, ગુજરાત, ૩૮૦૦૧૫

**સોનાની હરાજી માટેની સૂચના**

ફેડરલ બેંક લિમિટેડ ("બેંક") આથી તમામ સંબંધિતો અને સામાન્ય જનતાને સૂચિત કરે છે કે ગોલ્ડ લોન લેતી વખતે બેંકમાં સોનાના દાગીના/દાગીના/સિક્કા જમા કરાવનારા અને વારંવાર નોટિસ આપવા છતાં લોનની રકમ (ડિફોલ્ટ) ચૂકવતા ન હોય તેવા લોન ખાતાઓ માટે નીચે દર્શાવેલ લોન ખાતાઓ માટે સોનાની વસ્તુઓ "જેમ છે ત્યાં છે" અને "જેમ છે તેમ છે" ના આધારે હરાજી કરવામાં આવશે.

**ડિફોલ્ટ થયેલા લોન ખાતાઓની વિગતો:**

| Sr. No | Account Name | Account No. | No.of jewell. /coins | Gross Weight in grams | Venue of Auction |
|---|---|---|---|---|---|
| 1 | PATEL JAY KIRITBHAI | 13356400010386 | 4 | 177.09 | Baroda |
| 2 | PATEL ROMABEN JAY | 13356400011343 | 6 | 201.54 | Baroda |
| 3 | BHARWAD ALPESH | 18066400072774 | 2 | 65.2 | Vadodara / Makarpura |
| 4 | BHARWAD ALPESH | 18066400072857 | 6 | 141.4 | Vadodara / Makarpura |
| 5 | PATEL NAKUL JANARDAN | 18066400074747 | 1 | 53.1 | Vadodara / Makarpura |
| 6 | PATEL NAKUL JANARDAN | 18066400075116 | 20 | 58.2 | Vadodara / Makarpura |
| 7 | PATEL NAKUL JANARDAN | 18066400075207 | 1 | 6.5 | Vadodara / Makarpura |
| 8 | JANKI AJIT PAL | 18066900006082 | 3 | 8.9 | Vadodara / Makarpura |
| 9 | JANKI AJIT PAL | 18066900004046 | 4 | 11.5 | Vadodara / Makarpura |
| 10 | PANSURIYA AMITBHAI DULABHAI | 18066400072006 | 4 | 17.5 | Vadodara / Makarpura |
| 11 | PANSURIYA AMITBHAI DULABHAI | 18066400074036 | 3 | 26.7 | Vadodara / Makarpura |
| 12 | PANSURIYA AMITBHAI DULABHAI | 18066400074044 | 4 | 93.2 | Vadodara / Makarpura |
| 13 | CHANDRAKANT PATEL | 18066400072394 | 14 | 51 | Vadodara / Makarpura |
| 14 | CHANDRAKANT PATEL | 18066400072451 | 6 | 32 | Vadodara / Makarpura |
| 15 | CHANDRAKANT PATEL | 18066400072469 | 3 | 32.9 | Vadodara / Makarpura |
| 16 | NAVDHANBHAI GOKUL MIR | 18066400072485 | 2 | 52.6 | Vadodara / Makarpura |
| 17 | NAVDHANBHAI GOKUL MIR | 18066400072527 | 13 | 35.9 | Vadodara / Makarpura |
| 18 | SOHAN KANWAR | 18066900005175 | 7 | 42.4 | Vadodara / Makarpura |
| 19 | SOHAN KANWAR | 18066400071206 | 2 | 66 | Vadodara / Makarpura |
| 20 | JEBU NISHA SHAHRUK KHAN KAZI | 18066900005209 | 1 | 25 | Vadodara / Makarpura |
| 21 | PANSURIYA PRAVINBHAI BHADABHAI | 18066400070950 | 10 | 101.9 | Vadodara / Makarpura |
| 22 | PATEL NAKUL JANARDAN | 18066400074473 | 14 | 51.6 | Vadodara / Makarpura |
| 23 | BHARWAD ALPESH | 18066400070976 | 1 | 50.8 | Vadodara / Makarpura |
| 24 | VAGHELA RAJESHBHAI | 18066400071081 | 28 | 126.3 | Vadodara / Makarpura |
| 25 | VAGHELA RAJESHBHAI | 18066400074606 | 7 | 54 | Vadodara / Makarpura |
| 26 | SHAH STYANARAYAN LADURAM | 18066900005514 | 4 | 117 | Vadodara / Makarpura |
| 27 | PARIKH RAJUBHAI | 18066100041293 | 3 | 126.1 | Vadodara / Makarpura |
| 28 | PANSURIYA RAVI SURESHBHAI | 18066400072535 | 1 | 10.1 | Vadodara / Makarpura |
| 29 | PRATAP K UTEKAR | 18066900005639 | 7 | 77.4 | Vadodara / Makarpura |
| 30 | AMITBHAI LALITKUMAR MASHI | 18066900003758 | 1 | 10 | Vadodara / Makarpura |
| 31 | PANSURIYA SUNNY SURESHBHAI | 18066400071446 | 39 | 235.8 | Vadodara / Makarpura |
| 32 | BHARVAD VIJAYBHAI | 18066400073517 | 1 | 11.7 | Vadodara / Makarpura |
| 33 | AMITBHAI LALITKUMAR MASHI | 18066900005720 | 2 | 10.3 | Vadodara / Makarpura |
| 34 | PANSURIYA SUNNY SURESHBHAI | 18066400071479 | 19 | 365.1 | Vadodara / Makarpura |
| 35 | PANSURIYA SUNNY SURESHBHAI | 18066400071461 | 2 | 36.5 | Vadodara / Makarpura |
| 36 | PANSURIYA SUNNY SURESHBHAI | 18066400071453 | 25 | 110.9 | Vadodara / Makarpura |
| 37 | BHARWAD MEGHABHAI | 18066900004319 | 1 | 32.7 | Vadodara / Makarpura |
| 38 | ABHALE KETKI HETAL | 18066900004400 | 6 | 74.6 | Vadodara / Makarpura |
| 39 | PRATAP K UTEKAR | 18066900005639 | 7 | 77.4 | Vadodara / Makarpura |
| 40 | ANANTKUMAR A PANDYA | 18066900004335 | 6 | 61.5 | Vadodara / Makarpura |
| 41 | KHAIRNAR MANOJBHAI SAKHARAM | 18066900004731 | 3 | 41.5 | Vadodara / Makarpura |
| 42 | KHAIRNAR MANOJBHAI SAKHARAM | 18066900004657 | 2 | 23.9 | Vadodara / Makarpura |
| 43 | KHAIRNAR MANOJBHAI SAKHARAM | 18066900004640 | 10 | 54 | Vadodara / Makarpura |
| 44 | BHARVAD VIJAYBHAI | 18066400073517 | 1 | 11.7 | Vadodara / Makarpura |
| 45 | BALVANTBHAI MIR | 18106400051509 | 1 | 33.2 | Vadodara/Waghodia Road |
| 46 | BALVANTBHAI MIR | 18106400053315 | 1 | 36.5 | Vadodara/Waghodia Road |
| 47 | BALVANTBHAI MIR | 18106400051731 | 1 | 31.8 | Vadodara/Waghodia Road |
| 48 | PATEL SAMIR NAVINCHANDRA | 18106400051871 | 9 | 51 | Vadodara/Waghodia Road |
| 49 | MONA HITESHKUMAR CHOKSHI | 18105600001496 | 3 | 34.7 | Vadodara/Waghodia Road |
| 50 | DIPAK KUMAR D VIRPURA | 18106900004032 | 1 | 31.1 | Vadodara/Waghodia Road |
| 51 | BHARWAD BHARATBHAI | 18106900003653 | 7 | 40.2 | Vadodara/Waghodia Road |
| 52 | BHARWAD BHARATBHAI | 18106900005583 | 1 | 36 | Vadodara/Waghodia Road |
| 53 | BHARWAD BHARATBHAI | 18106900003877 | 2 | 55.2 | Vadodara/Waghodia Road |
| 54 | BHARWAD BHARATBHAI | 18106900004065 | 1 | 25.1 | Vadodara/Waghodia Road |
| 55 | BHARWAD NILESH GHELABHAI | 18106900003869 | 6 | 425.1 | Vadodara/Waghodia Road |
| 56 | PANCHAL JANKI RAMESHBHAI | 18106900001103 | 9 | 33.6 | Vadodara/Waghodia Road |
| 57 | RABARI MAYURBHAI | 18106400051434 | 10 | 117.6 | Vadodara/Waghodia Road |
| 58 | RONAKBHAI RAMESH PATEL | 18106900003091 | 1 | 14.8 | Vadodara/Waghodia Road |
| 59 | BHARWAD NILESH GHELABHAI | 18106900007076 | 2 | 79.7 | Vadodara/Waghodia Road |
| 60 | SHITALBEN PARMAR | 18096900003201 | 2 | 14 | Vadodara/Sama |
| 61 | SHITALBEN PARMAR | 18096900003193 | 5 | 23.4 | Vadodara/Sama |
| 62 | SONKAR LALJI SEVALAL | 18096900004324 | 1 | 100.9 | Vadodara/Sama |
| 63 | MANISH THAKORBHAI PATEL | 18096400024616 | 31 | 365.7 | Vadodara/Sama |
| 64 | VIRENDRA KANUBHAI VAGHELA | 18096900006030 | 10 | 56.4 | Vadodara/Sama |
| 65 | YASMINBEN AJMERI | 18096900006352 | 1 | 14.3 | Vadodara/Sama |
| 66 | RAJKISHOR KUMAR SAH | 26156900000092 | 5 | 11.9 | Ankleshwar |
| 67 | MISTRY RIKKIKUMAR DINESHBHAI | 14706900001898 | 6 | 5.7 | Bharuch |
| 68 | Mohmedarshad Mohmedhusen Patel | 14706100035407 | 5 | 37.4 | Bharuch |

૧) **હરાજીની વિગતો : હરાજીની તારીખઃ ૨૨/૦૬/૨૦૨૬ સમયઃ સવારે ૧૧.૦૦ કલાકે રિઝર્વ કિંમતઃ** મંજૂર મૂલ્યકાર દ્વારા નક્કી કરાયેલ, હરાજી સમયે ઉપલબ્ધ.
૨) બોલી લગાવનારાઓએ હરાજી સ્થળ પર તેમનું માન્ય ઓળખ કાર્ડ/પાન કાર્ડ સાથે રાખવું પડશે.
૩) આ જાહેર હરાજી સંબંધિત નિયમો અને શરતો ("T&CS") બોલી લગાવનારાઓ દ્વારા https://www.federal.bank.in/gold-loan-tnc-froauction દ્વારા ઍક્સેસ કરી શકાય છે. બોલી લગાવનારાઓ દ્વારા બોલી લગાવવાને ઉપરોક્ત શરતો અને શરતોની સ્વીકૃતિ માનવામાં આવશે.
૪) જો હરાજી દ્વારા પ્રાપ્ત રકમના સમાયોજન પછી પણ બેંકની જવાબદારીઓ બાકી રહે છે, તો બાકીની બાકી રકમ વસૂલવા માટે દેવાદારો સામે જરૂરી કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.
૫) જો દેવાદારનું મૃત્યુ થયું હોય, તો આ હરાજીની સૂચના દેવાદારના કાનૂની વારસદારોને લાગુ પડશે.
૬) સફળ બોલી લગાવનાર વ્યક્તિએ હરાજીના દિવસે જ સંપૂર્ણ ચુકવણી (એટલે કે વિજેતા બોલીની રકમના ૧૦૦% વત્તા લાગુ પડતા જીએસટી અને અન્ય કર/ચાર્જ) કરવાની રહેશે. જોકે, અપવાદરૂપ કિસ્સાઓમાં ફેડરલ બેંક પોતાની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી આગામી કાર્યકારી દિવસ સુધી ચુકવણી મુલતવી રાખવાની પરવાનગી આપી શકે છે.
૭) સફળ બોલી લગાવનાર વ્યક્તિ હરાજીની તારીખથી ૨ દિવસની અંદર સોનાના ઝવેરાત/સિક્કા/ની ડિલિવરી લેશે.
૮) બોલી સ્વીકારવા અંગે બેંકનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે. બેંકને દેવાદારોને પૂર્વ સૂચના આપ્યા વિના હરાજી રદ કરવાનો અધિકાર છે.

**વધુ માહિતી માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ નીચે ફેડરલ બેંક શાખાઓ**

| હરાજી નું સ્થળ | હરાજી નું સરનામું |
|---|---|
| બરોડા | યુનિટ નં. ૧૦૧ થી ૧૦૪, ગ્રાઉન્ડ ફ્લોર, મિડટાઉન હાઇટ્સ, જેતલપુર રોડ, અલકાપુરી, વડોદરા, ગુજરાત, વડોદરા, ગુજરાત, ૩૯૦૦૦૭ |
| વડોદરા/મકરપુરા | ગ્રાઉન્ડ ફ્લોર, પાર્થ એવન્યુ, રુતુરાજ કોમ્પ્લેક્સની સામે, માંજલપુર, વડોદરા, ગુજરાત, વડોદરા, ગુજરાત, ૩૯૦૦૧૧ |
| વડોદરા/સમા | ગ્રાઉન્ડ ફ્લોર, વિસ્મય કોમ્પ્લેક્સ, જીઆઈપીસીએલ સર્કલ પાસે, સમા રોડ, વડોદરા, ગુજરાત, વડોદરા, ગુજરાત, ૩૯૦૦૦૮ |
| વડોદરા/વાઘોડિયા રોડ | ગ્રાઉન્ડ ફ્લોર, સનરાઇઝ કોમ્પ્લેક્સ, વૃંદાવન ક્રોસિંગ પાસે, વાઘોડિયા રોડ, બરોડા, વડોદરા, ગુજરાત, વડોદરા, ગુજરાત, ૩૯૦૦૧૯ |
| અંકલેશ્વર | ગ્રાઉન્ડ ફ્લોર, દુકાન નં. ૭ અને ૮, શ્રી ગણેશ એજન્સી બીલ્ડીંગ, જુના Nh-8, તા. અંકલેશ્વર, ભરૂચ, ગુજરાત -૩૯૩૦૦૧. |
| ભરૂચ | અપર ગ્રાઉન્ડ ફ્લોર, બી - વિંગ, કેપીટલ બિઝનેસ સેન્ટર, સ્ટેશન રોજ, પંચબત્તી, ભરૂચ, ભરૂચ, ગુજરાત, ૩૯૨૦૦૧. |



HDFC BANK We understand your world

**એચડીએફસી બેંક લિમિટેડ**

**શાખા :** ચોથો માળ, સી વિંગ, શીતલ વેસ્ટપાર્ક ઇમ્પેરિયા, આલ્ફા વન મોલ ઉપરાંત, વસ્ત્રાપુર તળાવ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૫૨

**પઝેશન નોટિસ**

જ્યારે એચડીએફસી બેંક લિમિટેડના ઓથોરાઇઝ્ડ ઓફિસર (અગાઉની એચડીએફસી લિમિટેડે ૧૭ માર્ચ, ૨૦૨૩ ના રોજના આદેશ દ્વારા માનનીય એનસીએલટી - મુંબઇ દ્વારા મંજૂર કરાયેલ જોડાણની યોજનાના આધારે એચડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાણ કર્યું હતું) (એચડીએફસી), સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ("કથિત એક્ટ") હેઠળ અને કલમ ૧૩(૧૨) હેઠળ પ્રદાન કરવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચવામાં આવે છે, જેણે ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ (૨) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરી હતી, જેમાં નીચેના ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ (ઓ) ને તેમના નામ સામે ઉલ્લેખિત રકમની ચૂકવણી કરવા માટે કહેવામાં આવ્યું હતું. ઉપરોક્ત નોટિસોમાં ઉલ્લેખ કર્યા મુજબના દરો, ઉપરોક્ત નોટિસ/ની તારીખથી ૬૦ દિવસની અંદર, આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જિસ વગેરે ચુકવણીની તારીખ અને / અથવા અનુભૂતિની તારીખ સુધી.

| ક્રમ ન. | ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓનું નામ | બાકી લેણાં | ડિમાન્ડ નોટિસ તારીખ | કબજાની તારીખ | સ્થાવર મિલકત(ઓ) / સિક્યોર્ડ એસેટ(ઓ) નું વર્ણન |
|---|---|---|---|---|---|
| એ | બી | સી | ડી | ઈ | એફ |
| 1 | શ્રી શાહ આલાપ દિલીપકુમાર (ઋણ લેનાર) શ્રી શાહ દિલીપ ભાઈ (સહ ઋણ લેનાર) શ્રીમતી શાહ ફાલ્ગુનીબેન દિલીપભાઈ (સહ ઋણ લેનાર) | ૩૧.૧૨.૨૦૨૫ ના રોજ રૂ. ૨,૯૮,૮૯૧/-, રૂ. ૭૮,૭૭૪/- અને રૂ. ૧૪,૧૫,૮૧૪/- બાકી | ૦૯.૦૨.૨૦૨૬ | ૦૬.૦૬.૨૦૨૬ સિમ્બોલિક પઝેશન | ફ્લેટ-બી/૨૦૧, બીજો માળ, માધવ રેસિડેન્સી, બી ટાવર, આરએસ ૪૨૯, ખાતા નં. ૨૭૦, બેસિલ સ્કૂલ પાસે, જૂના મકરપુરા જકાત નાકા પાછળ, જાંબુવા, વડોદરા: ૩૯૦૦૧૪ |
| 2 | શ્રી શાહ આલાપ દિલીપકુમાર (ઋણ લેનાર) | ૩૧.૧૨.૨૦૨૫ ના રોજ રૂ. ૧,૩૬,૯૬૪/- અને રૂ. ૧૮,૦૯,૪૭૮/- બાકી | ૧૦.૦૨.૨૦૨૬ | ૦૬.૦૬.૨૦૨૬ સિમ્બોલિક પઝેશન | ફ્લેટ-૪૦૧, ચોથો માળ, શાંતમ હાઇલેન્ડ, ટાવર-બી, એસ નં. ૫૫૦, એફ પી ૧૨૨, ટી પી ૩૯, ઓવરબ્રિજ સર્વિસ રોડની બાજુમાં, ગોલ્ડ સિટીની સામે, તરસાલી ધન્યાવી રોડ પાસે, તરસાલી, વડોદરા: ૩૯૦૦૦૯ |

*લાગુ પડતું હોય તે રીતે વધુ વ્યાજ સાથે, આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જ વગેરે ચૂકવણીની તારીખ અને/અથવા પ્રાપ્તિની તારીખ સુધી

જો કે, અહીં ઉલ્લેખિત ઋણલેનાર/કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) બાકી નીકળતી રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, અહીં ઉલ્લેખિત ઋણલેનાર/કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) અને કાનૂની પ્રતિનિધિઓને અને સામાન્ય રીતે જનતાને નોટિસ આપવામાં આવે છે કે એચડીએફસીના અધિકૃત અધિકારી/ઓ એ કલમ ૧૩(૪) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને ઉપર જણાવેલ સ્થાવર મિલકત (ઓ) / સુરક્ષિત સંપત્તિ (ઓ) નો ભૌતિક કબજો લીધો છે. ઉપરોક્ત અધિનિયમની ઉપર જણાવેલ તારીખો પરના ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે વાંચવામાં આવે છે.

અહીં ઉલ્લેખિત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) ખાસ કરીને અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીંથી ઉપરોક્ત સ્થાવર મિલકત (ઓ) / સિક્યોર્ડ એસેટ્સ (ઓ) સાથે વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને ઉપરોક્ત સ્થાવર મિલકત (ઓ) / સિક્યોર્ડ એસેટ્સ (ઓ) સાથેનો કોઈ પણ વ્યવહાર એચડીએફસીના મોર્ગેજને આધિન રહેશે.

ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો/કાનૂની પ્રતિનિધિ(ઓ) ધ્યાન સુરક્ષિત સંપત્તિ/ઓ ને રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ પર આમંત્રિત કરવામાં આવે છે.

પંચનામાની નકલો દોરવામાં આવી હોય અને માલ સુચિ કરવામાં આવેલ હોય તે અન્ડરસહી કરેલ વ્યક્તિ પાસે ઉપલબ્ધ હોય છે, અને ઉક્ત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદાર(ઓ) / કાનૂની પ્રતિનિધિ (ઓ) ને ઓફિસના સામાન્ય કલાકો દરમિયાન કોઈ પણ કામકાજના દિવસે નીચે સહી કરાયેલ પાસેથી સંબંધિત નકલ એકત્રિત કરવા વિનંતી કરવામાં આવે છે.

**એચડીએફસી બેંક લિ.**
**સહી/-**
**અધિકૃત અધિકારી**

**તારીખ : ૧૧.૦૬.૨૦૨૬**
**સ્થળ : વડોદરા**

રજિસ્ટર્ડ ઓફિસ: એચડીએફસી બેંક લિમિટેડ, એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (વેસ્ટ). મુંબઈ-૪૦૦૦૧૩. CIN: L65920MH1994PLC080618 વેબસાઇટ: www.hdfcbank.com